# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Mahila Diwas

આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજ્યભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ આકાશવાણી કેન્દ્રમાં મહિલા દિન નિમિત્તે આજે રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટ શહેરમાં આવતીકાલે મહિલા દિવસ નિમિત્તે મહિલાઓ માટે સીટી બસ અને બીઆરટીએસમાં ગમે તેટલી વખત વિનામૂલ્યે મુસાફરી કરી શકાશે. આ અંગે વધુ માહિતી આપે છે. અમારા રાજકોટનાં પ્રતિનિધી જયદીપ પંડ્યા

(બાઈટ – જયદીપ પંડ્યા, પીટીસ રાજકોટ)

મહેસાણા ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વુમન્સ ક્રિકેટ પ્રિમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા કલેક્ટર એસ.કે. પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# KALAKUMBH

કેન્દ્રીય મહેસૂલી રમત અને સાંસ્કૃતિક બોર્ડ દ્વારા અમદાવાદની આવકવેરા કચેરી ખાતે કલાકુંભનું આયોજન કરાયું. જેમાં સંગીત , નૃત્ય, નાટકની વિવિધ શ્રેણીઓમાં વ્યક્તિગત અને જૂથ સ્પર્ધાઓનું આયોજન કરાયું.

આ અંગે સંસ્કૃતિ મંત્રાલયના ડૉક્ટર સંધ્યા પુનેચાએ વધુ માહિતી આપી.

(બાઇટ: ડૉક્ટર સંધ્યા પુરેચા, સંસ્કૃતિ મંત્રાલય)

. . . . . . . . . . . . . .

# CM – Banas Dairy

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બનાસડેરીનાં સિમેન સેન્ટરનું ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ દ્વારા વરર્ચુંઅલી લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વિકસીત ભારતના નિર્માણમાં અન્નદાતાનું યોગદાન સૌથી મહત્વનું છે. આજે ડીસાનાં દામા ખાતે સિમેન સેન્ટર કાર્યરત થતાં પશુપાલકોને ફાયદો થશે. રાજ્યમાં પશુપાલનની વિવિધ યોજનાઓના પરિણામે આજે રાજ્યમાં દૂધ ઉત્પાદનમાં 111.62 ટકાનો વધારો થયો છે.

વિધાનસભાનાં અધ્યક્ષ અને બનાસડેરીનાં ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારતીય બનાવટનું સૌ પ્રથમ સિમેન સંયંત્ર નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ  NDDBએ તૈયાર કર્યું છે. આ સંયંત્રને કારણે ખેડૂતોને માત્ર સો રૂપિયામાં સિમેનનો ડોઝ મળી રહેશે. ગાય, ભેસમાં સારી ઓલાદના સિમેન તૈયાર કર્યાં છે. જેના કારણે સારી ઓલાદના પશુઓ તૈયાર થશે. અને દૂધની આવક વધશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સિમેન સેન્ટરની સ્થાપના થતાં બનાસકાંઠામાં રખડતા ઢોરોની સમસ્યા દૂર થશે. આ ટેકનોલોજીથી દૂધ ઉત્પાદકોનાં ઘરે 90 ટકા માદા બચ્ચા પેદા થશે. અને ભવિષ્યમાં દૂધનું ઉત્પાદન ડબલ થશે જેથી દૂધ ઉત્પાદકોની આવક બમણી થશે.

. . . . . . . . . . . . .

# AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી 2 દિવસ રાજ્યના પ્રવાસે આવશે. 8 માર્ચે તેઓ સોમનાથ મંદિરમાં પૂજા અર્ચના કરશે. તેમજ જૂનાગઢ ખાતે બ્રહ્માનંદ વિદ્યાધામમાં વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘઘાટન અને શિલાન્યાસ કરશે.

9 માર્ચના અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજી મહારાજની 150મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક સિક્કાનું વિમોચન કરશે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા નવા નોંધાયેલા વકીલોના શપથગ્રહણ સમારોહમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# RAHUL GANDHI VISIT

ગુજરાતની મુલાકાતે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ નેતાઓ સાથે બેઠક કરી હતી , ત્યારબાદ તેઓએ રાજકીય બાબતો , ફ્રન્ટલ સેલ ડિપાર્ટમેન્ટના વડા સાથે અને જિલ્લા-શહેરોના પ્રમુખો સાથે પણ બેઠક કરી હતી.

રાહુલ ગાંધી સવારે સાડા નવ વાગે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. શ્રી ગાંધી આવતીકાલે સવારે કોંગ્રેસના કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે. સાથે જ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન અંગે પણ રાહુલ ગાંધી ચર્ચા કરશે.

. . . . . . . . . . . . .

# PM Modi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ તેમજ રાજ્યની આજથી બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આજે સેલવાસમાં નમો હોસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્દઘાટન કરશે. સેલવાસ ખાતે કેન્દ્રશાસિત પ્રદેશ માટે બે હજાર 580 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન અને ખાતમુહૂર્ત પણ કરશે.

આ કાર્યક્રમ બાદ તેઓ સુરત જશે , જ્યાં તેઓ સાંજે સુરત ફૂડ સિક્યોરિટી સેચ્યુરેશન કેમ્પેઇનનો શુભારંભ કરાવશે. અહીં તેઓ 2 લાખ 30 હજારથી વધારે લાભાર્થીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લાભનું વિતરણ કરશે. આ અંગે સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર વધુ વિગતો આપી રહ્યા છે.

(VOICE CAST: LOPA DARBAR)

પ્રધાનમંત્રી 8 માર્ચનાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનાં પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસી ગામમાં લખપતિ દીદી કાર્યક્રમમાં સહભાગી થશે અને લખપતિ દીદીઓ સાથે વાતચીત કરશે. તેઓ 5 લખપતિ દીદીઓને લખપતિ દીદી સર્ટિફિકેટથી સન્માનિત પણ કરશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી ગુજરાત સરકારના અંત્યોદય પરિવારની સ્વસહાય જૂથની મહિલાઓને આર્થિકસહાય પૂરી પાડનારા GSAFAL યોજના અને ગ્રામીણ આજીવિકા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે કામ કરી રહેલા સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય કરનારા G-MAITRI કાર્યક્રમનો શુભારંભ કરાવશે.